Liberty Equality Fraternity
SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre, Rajkot
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot, Phone No.:(0281) 2578501 (Ext.No.429) Web : bac.org.in E-Mail: dbachair@sauuni.ac.in

# ડૉ. પી. જી. સોલંકી સાહેબને 71મી પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન

**જન્મ :** 10/12/1876 **અવસાન :** 07/04/1953

વીસમી સદીના બીજા દાયકામાં બોમ્બે ઇલાકા (Bombay Province) માં મજલુમોની મુક્તિ માટે બે સિપેહસાલાર સંઘર્ષ કરી રહા હતા જેમાંના એક હતા દક્ષિણ ગુજરાતમાં માહાવંશી તરીકે ઓળખાતા વણકરસમાજના સપુત ડૉ. પુરુષોત્તમરાય ગોવિંદભાઇ સોલંકી અને બીજા મહારાષ્ટ્રના મહારવંશી ડો. બાબાસાહેબ આંબેડકર.

ડૉ. પી. જી. સોલંકીનો જન્મ સુરતના માહાવંશી - વણકરસમાજના આગેવાન ગોવિંદભાઇ મીઠાને ત્યાં 10-12-1876 ના રોજ થયેલો. પિતા પશુ ડોકટર હતા અને મુંબઇના ઠાકુરદ્વાર વિસ્તારમાં પોતાના બે માળના મકાનમાં રહેતા હતા. 1883-1886 દરમીયાન પ્રાથમિક શીક્ષણ તેમણે ધોબી તળાવ બોમ્બેની માસ્તર જમનાદાસ એન્ડ કાવસજી પારસી સ્કુલમાં લીધુ અને 1886 થી ખેતવાડી વિલ્સન સ્કુલમાંથી માધ્યમિક શિક્ષણ લેતા 1894માં મેટ્રીકની પરીક્ષા પાસ કરીને મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. પરંતુ આર્થિક પરીસ્થિતિ નબળી પડતા અભ્યાસ અવરોધાયો અને છુટક નોકરીઓમાં લાગ્યા. એ અરસામાં વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ તરફથી શિષ્યવૃત્તિની મદદ મળતા પુનઃઅભ્યાસ પ્રારંભ કર્યો અને 1917 માં વિષશાસ્ત્રમાં (Gold Medalist) ડોક્ટર બન્યા.

કોલેજ અભ્યાસ દરમીયાન જ તત્કાલિન સુધારાવાદી મહાનુભવોના સંપર્કમાં આવતા તેઓ સમાજ સેવામાં સક્રિય બનેલા. હિંદુ સમાજ સુધારક મંડળ, પ્રાર્થના સમાજ વગેરે સંસ્થાઓમાં તેઓ જોડાયા. Student Brotherhood માં કામ કરતા તેઓ ડો. કનૈયાલાલ માણેકલાલ મુન્શી; ચંદ્રશેખર પંડ્યા; મહાદેવ ગોવિંદભાઇ રાનાડે વગેરેના સંપર્કમાં આવ્યા. જેમની સંગતે તેઓની સમાજ સુધારણાની વિચારસરણીને બળ મળ્યુ અને દલિતોના ઉત્થાન અંગે કામ કરતા થયા. તેઓ પોતે પણ અસ્પૃશ્ય સમાજમાંથી આવેલા અને વ્યવસાય તેમજ અભ્યાસ વખતે અસંખ્ય જાતિવાદી મુશ્કેલીઓને ભોગવી હોવાથી તેઓ આ પરીસ્થીતિને બદલવા મક્કમ બન્યા અને દલિત સમુદાયના સેવા માટે રાજકારણમાં જોડાયા.

અંત્યજ વર્ગોના ઉત્થાન માટે ચાલતી ડિપ્રેસ્ડ ક્લાસ મિશન સોસાયટીના અધ્યક્ષ ન્યાયમુર્તિ નારાયણ ગણેશ ચંદાવકરની આગેવાનીમાં સમગ્ર દલિત સમાજનુ પ્રતિનિધિત્વ કરતા 1917 ની મોન્ટેગ્યુ કેમ્સફોર્ડ પરીષદમાં આવેદન પત્ર રજુ કર્યુ. તે સમયના બોમ્બે ઇલાકા (Bombay Province) માં તેઓની રજુઆતનો પડઘો પડ્યો, જેમાં કોલ્હાપુરના નરેશ છત્રપતિ શાહુ મહારાજ પણ જોડાયા અને જાતિપ્રથાને જાકારો આપવાનુ એલાન કરતા 14-12-1918 ની આર્ય ધર્મ પરીષદના અધ્યક્ષસ્થાને ડૉ. પી. જી. સોલંકીની નિમણુક કરી. ગાંધીજીના પ્રયત્નોથી ગોધરા ખાતે 1918 માં અંત્યજ પરીષદ મળી જ્યાં સુરતના વીર છત્રસિંહ ઉટેકર પણ ઉપસ્થીત રહેલ. આ સમયે તેઓ ડો. બાબાસાહેબ આંબેડકરના પરીચયમાં આવ્યા અને 27-01-1919 ના રોજ સાઉથબરો સમિતિ સમક્ષ ભારતના દલિતોની દુઃખદ સ્થિતિ વર્ણવતુ આવેદન પત્ર રજુ કર્યુ. આ સાથે ડૉ. પી. જી. સોલંકીએ તેમના વતન સુરત, તાપી, નવસારી, વલસાડ વિસ્તારમાં દલિતોના ઉત્થાન અને કુરિવાજ નાબુદી માટેના સુધારાવાદી કાર્યો આરંભ્યા.

તેઓની કામગીરીથી પ્રસન્ન થઇ દલિતોના પ્રતિનિધિ તરીકે ગવર્નર સર લેઝલી વિલસ્ન તરફથી બોમ્બે વિધાન પરીષદના સભ્ય (Member of Legislative Council) તરીકે પસંદગી થઇ અને તેઓએ 18-02-1927 રોજ મુંબઇ ટાઉન હોલમાં ડો. બાબા સાહેબ આંબેડકર સાથે સોગંદવિધિ લીધા. એ સમયે 114 સભ્યોની બોમ્બે વિધાન પરીષદમાં માત્ર બે જ દલિત સભ્યો હતાઃ ડૉ. પી. જી. સોલંકી અને ડો. બાબા સાહેબ આંબેડકર!!

બ્રિટિશ સરકારે ભારતની સ્થિતિની સમીક્ષા અને તેના બંધારણ માટે નિમેલ સાયમન કમીશન જ્યારે ભારત આવ્યુ ત્યારે દલિતોના પ્રતિનિધિ તરીકે સર જોહન સાયમનનુ ડૉ. પી. જી. સોલંકીએ મોલ સ્ટેશને સ્વાગત કરેલુ અને 23-10-1927 ના રોજ દલિતોની વ્યાથા અંગે ડો. બાબા સાહેબ આંબેડકર સાથે કમીશન સમક્ષ સંયુક્ત રજુઆત કરતા દલિતોને બોમ્બે વિધાન પરીષદમાં વસ્તીના ધોરણે 22 બેઠકોની જોગવાઇ સાથે દલિતોને કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓના અત્યાચારોથી રક્ષણ આપતા કાયદાની માંગ મુકી 1984 ના એટ્રોસીટી એક્ટનુ બીજ રોપેલુ. દલિત વર્ગો અને આદિમ જાતીઓના વિકાસ માટે એક સમિતિ નિમાવાનો પ્રસ્તાવ 08-08-1928 ના રોજ તેઓએ બોમ્બે વિધાન પરીષદમાં મુક્યો જે સર્વાનુમતે સ્વીકારાતા એચ. બી. સ્ટાર્ટની અધ્યક્ષતામાં સમિતિ રચાઇ. આ સ્ટાર્ટ સમિતિએ બોમ્બે પ્રાંત (Bombay Province) માં પ્રવાસ કરી તે સમયની સામાજિક પરીસ્થીતિનો અભ્યાસ કર્યો અને તેના આધારે અંત્યજ વર્ગ (આજની અનુસુચિત જાતિ - જનજાતિ અને અન્ય પછાત જાતિની ઓળખ) માટેના ધારા-ધોરણો નક્કી કર્યા તેમજ તેઓના ઉત્થાન માટે 1931 માં The Bombay Presidency Backward Class Board ની રચના કરી અને દરેક જીલ્લામાં બેકવર્ડ ઓફિસરોની નિમણુંક કરી. ડૉ. પી. જી. સોલંકીએ 1928 માં અમદાવાદ ખાતે The Gujarat Depressed Class Association ની સ્થાપના કરી હતી જેના પ્રયત્નોથી દલિત વર્ગના બાળકોને અભ્યાસ માટે અલગ આશ્રમ શાળા સ્થપાયેલ.

મુંબઇના હિંદુ-મુસ્લીમ તોફાનોમાં સુલેહ શાંતિની કામગીરી માટેની શાંતિ સમિતિમાં તેઓની નિમણુંક થઇ જ્યાં તેઓની પ્રસંશનીય કામગીરી માટે જે. પી. જસ્ટીસ ઓફ પીસના ખિતાબ દ્વારા સન્માનિત કરવામાં આવેલ. પહેલી અને બીજી ગોળમેજી પરીષદમાં ડો. બાબા સાહેબ આંબેડકરની ઐતિહાસીક કામગીરીને બિરદાવતા અસંખ્ય સમારંભો બોમ્બે પ્રાંત (Bombay Province) માં થયા હતા જેમાં મોટા ભાગના સમારંભોનુ અધ્યક્ષસ્થાન ડૉ. પી. જી. સોલંકીએ શોભાવેલ.

1931-1937 દરમીયાન તેઓ બોમ્બે યુનિ. ના સેનેટર રહ્યા હતા. ગર્વનર સર ફ્રેડરીક દ્વારા 1931 માં ફરી તેઓની બોમ્બે વિધાન પરીષદના સભ્ય તરીકે પસંદગી કરવામાં આવી અને બોમ્બે રાજ્યની નાણાકિય સમિતિના સભ્ય પણ બનાવવામાં જ્યાં તેઓ 1937 સુધી કાર્યરત રહેલ. 1932 માં લોર્ડ લુથીયને બોમ્બે પ્રાંત (Bombay Province) માં મતાધિકારની સમીક્ષા કરવા બોમ્બે ફ્રેન્ચાઇઝ સમિતિ નિમિ જેમાં Gujarat Depressed Class Association અને ડૉ.બાબાસાહેબ આંબેડકર દ્વારા સ્થાપિત બહિષ્કૃત હિતકારીણી સભા સહિત સમગ્ર દલિતોના પ્રતિનિધિ તરીકે તેઓને સભ્ય બનાવવામાં આવ્યા. તેજ અરસામાં ઉપવાસ પર ઉતરેલ ગાંધીજીને મનાવવા ડૉ. પી. જી. સોલંકી અને ડો. બાબા સાહેબ આંબેડકર પુનાની યેરવડા જેલ ગયા અને જે સમાધાન થયુ તેના પરીણામે 24-09-1932 ના રોજ પુના કરાર અસ્તીત્વમાં આવ્યો. ગાંધીજીએ Board of Harijan Sevak Sangh of Bombay Presidency માં ડૉ. પી. જી. સોલંકીની નિમણુક કરી જેના તેઓ આજીવન સભ્ય રહેલા. 1933-1935 દરમિયાન બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સીલર તરીકે તેઓએ ઘણા પ્રસંશનિય કાર્યો કરેલા. 1938 માં બોમ્બે મ્યુનિસિપલ સ્કુલ કમિટીના પ્રથમ દલિત ચેરમેન તરીકે નિમાયા. તેમના જ પ્રયત્નોથી 1938 માં અનુસુચિત જાતિ અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો અને વણકર અને અન્ય જ્ઞાતિઓને બીજી આદિવાસ-પછાત જાતિઓથી અલગ ઓળખ અપાવી.

બોમ્બે વિધાન પરીષદના સભ્ય તરીકે ડૉ. પી. જી. સોલંકીની કામગીરીની પ્રસંશા કરતા ખુદ ડો. બાબા સાહેબ આંબેડકર થાકતા ન હતા! પત્ની રમાબાઇના 27-05-1935 માં અવસાનના આઘાત અને જે દલિતમિત્રો માટે તેઓ લડી રહ્યા હતા તેઓનીજ વિશ્વાસઘાતી રાજકારણ રમતોથી કંટાળી હતાશ થયેલ બાબા સાહેબ આંબેડકર જ્યારે બધુ છોડી નિવૃત્ત થવા વિચારતા હતા ત્યારે ડૉ. પી. જી. સોલંકી જ તેમની પડખે ઉભા રહેલ અને એક સાચા મિત્ર તરીકે હિંમત અને સાંત્વના આપી તેઓને હતાશાના નર્કાગારમાંથી બહાર લાવેલ. વણકરસમાજના આ વિરલ દલિત સંગ્રામના યોધ્ધા 76 વર્ષની ઉમરે 09-04-1953 ના રોજ અવસાન પામ્યા. ભારતના અન્ય રાજ્યો કરતા ગુજરાતના દલિતોની અને તેમાં પણ વણકરસમાજની આજે જે સારી પરીસ્થિતિ છે તે ડૉ. પી. જી. સોલંકી ના આજીવન કાર્યોની દેન છે. તત્કાલિન બોમ્બે ઇલાકા (Bombay Province) અને હાલના દક્ષિણ ગુજરાતના દલિતોમાં શિક્ષણનો પ્રસાર કરવાનો શ્રેય ડૉ. પી. જી. સોલંકીને જાય છે.

"1 जनवरी 1918 के कोरेगांव कार्यक्रम से यह महार भाई मेरे हर काम मे साथ खड़े है और में उसका आभारी हूं। आज में जो यह ऊंचाई पर हु वहा पहुंचाने में मेरे महार समाज का बड़ा हाथ है।" ~ ઓગસ્ટ ૧૯૪૩ માં મુંબઇ મહાર મંડળ દ્વારા કોલાબા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની અધ્યક્ષતામાં ગુજરાતના માયાવંશી વણકર પુત્ર ડૉ. પીજી સોલંકીનો સન્માન કાર્યક્રમ હતો ત્યારે તેમનુ ભાષણ. અહિ નોંધવાની બાબત કે ડૉ. પીજી સોલંકીના સન્માન સમારોહમાં તેમની જ માયાવંશી જ્ઞાતિના લોકો વિરોધ કરવા કાળા વાવટા સાથે ત્યાં દેખાવો કરેલો અને આયોજકોએ પોલીસને બોલાવવી પડેલી. દલિતોના ઉધ્ધાર માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ડૉ. પીજી સોલંકી બંનેના કામ બોલે છે, પરંતુ બાબાસાહેબ સાથે તેમનો સમાજ હતો તે અમર થઈ ગયા અને ડૉ. પીજી સોલંકીને તેમના સમાજના જ નડયા તે કયાંય ખોવાઇ ગયા.

"જે પ્રજા પોતાના સમર્થ (સેવાભાવી) પુરોગામીઓને વગોવે છે, તેમનું ઉચિત સન્માન કરતી નથી તે ધીમે ધીમે ભવિષ્યમાં સમર્થ સમાજસેવી પ્રતિભા પેદા કરવાની શક્તિ ગુમાવતી જાય છે." - શ્રી ઇચ્છારામ દેસાઇ (મુંબઇ સમાચાર, ૧૦-૦૨-૨૦૦૩)

બોધઃ જે લોકો પોતાના લોકોના ટાંટીયા ખેંચવામાં હોય છે ત્યાં ફરી કદિ કોઇ ઉપર નથી આવતુ. પરીણામે તેવા લોકોનો કબિલો - સમાજ નીચે જ રહિ જવા પામે છે. ઇતિહાસમાંથી બોધપાઠ લઇને આપણે તે ભુલ દોહરાવવાથી દુર રહેવુ.

**Source: સ્વ. ડૉ. પી. જી. જ્યોતિકર**